# આઈ.ટી.આઈ. એડમીશન-૨૦૨૫

## ITI Online Admission System

# “પ્રવેશનાં ત્રીજા તથા ચોથા રાઉન્ડ અંગેની માર્ગદર્શિકા”

**રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,ગાંધીનગર**

## Third Round of Admission

### પ્રવેશ સત્રના રીશફ્લીંગ (ત્રીજા રાઉન્ડ) અંગેની સૂચનાઓ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના તારીખ:૨૫/૦૩/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: TLM/122021/573944/R-2 ની સીટ કન્વર્ઝનની જોગવાઇઓ તથા પ્રવેશ સંબંધિત વખતો વખતની માર્ગદર્શક સુચનાઓને આધિન સીટ કન્વર્ઝન ની પ્રક્રિયા હાથ ધરી ત્રીજા રાઉન્ઠની પ્રવેશ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

### પ્રવેશ સત્રના રીશફ્લીંગ (ત્રીજા રાઉન્ડ) માં કોણ કોણ ભાગ લઇ શકશે?

- પ્રવેશના પ્રથમ અને બીજા રાઉન્ડમાં પ્રવેશ કન્ફર્મ કરાવેલ હશે તેવા ઉમેદવાર પોતાના લોગીનમાં આપેલ Consent લીંક પર ક્લીક કરી ત્રીજા રાઉન્ડ / રીશફ્લીંગ માં ભાગ લઇ શકશે
- ઉમેદવાર પોતાની પ્રવેશ માટેની ચોઈસમાં સુધારા-વધારા કરી શકશે.
- ઉમેદવાર કોઈ પણ સંસ્થાની કોઈ પણ ટ્રેડની બેઠકની ચોઈસ પસંદ કરી શકશે. ઉમેદવાર પોતાની શૈક્ષણિક લાયકાતને અનુરૂપ. (મહિલા ITI માં ફક્ત મહિલા ઉમેદવારો જ અરજી કરી શકશે. પુરૂષ ઉમેદવારો મહિલા ITI માં અરજી કરી શકશે નહિ)
- આવા ઉમેદવારને જો ત્રીજા રાઉન્ડ / રીશફ્લીંગ માં પ્રવેશ મળશે. તો અગાઉનો મેળવેલ પ્રવેશ આપો આપ રદ ગણાશે.
- જે ઉમેદવારને પ્રવેશનાં પ્રથમ કે બીજા રાઉન્ડમાં કોઈ પણ ચોઈસ પર પ્રવેશ મળેલ નથી તેવા ઉમેદવારોને પોતાની ભરેલ ચોઈસ પર આપમેળે પ્રવેશ મળવાપાત્ર હશે તો મળી જશે તથા તે ઉમેદવાર પોતાની અગાઉ ભરેલ ચોઈસમાં સુધારા વધારા કરવા ઇચ્છતો હોય તો કરી શકશે.

### ત્રીજા રાઉન્ડ / રીશફ્લીંગ અંતર્ગત કરવાની કામગીરીનો સમયગાળો :

- ત્રીજા રાઉન્ડ / રીશફ્લીંગ માટે ભાગ લેવા Consent આપવા માટેનો સમયગાળો: **તારીખ:૧૪/૦૮/૨૦૨૫ થી તારીખ:૧૯/૦૮/૨૦૨૫ સુધી.**
- ચોઈસમાં સુધારા વધારા કરવા માટેનો સમયગાળો: **તારીખ:૧૪/૦૮/૨૦૨૫ થી તારીખ:૧૯/૦૮/૨૦૨૫ સુધી.**
- પ્રવેશના ત્રીજા રાઉન્ડનું પરિણામ જાહેર કરવાનો સમયગાળો:- **૨૧/૦૮/૨૦૨૫**

- પ્રવેશના ત્રીજા રાઉન્ડમાં મળેલ પ્રવેશ કન્ફર્મ કરવાનો સમયગાળો:- **તારીખ: ૨૨/૦૮/૨૦૨૫ થી તારીખ:૨૪/૦૮/૨૦૨૫.**
- પ્રવેશના ત્રીજા રાઉન્ડપછી ખાલી રહેલ બેઠકો જાહેર કરવાનો સમયગાળો :- **તારીખ:૨૫/૦૮/૨૦૨૫.**

# Fourth Round OF Admission

## ચોથા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા (જે તે સંસ્થા કક્ષાએ)

- ઓનલાઈન ફોર્મ ભરી પ્રવેશ કન્ફર્મ કરાવવા માટેનો સમયગાળો (રોજે રોજની સંસ્થા કક્ષાની કામગીરી) - **તારીખ: ૨૬/૦૮/૨૦૨૫ થી તારીખ:૩૦/૦૮/૨૦૨૫.**
- પ્રવેશના ચોથા રાઉન્ડમાં પ્રવેશ લેવા ઉમેદવારે નવેસરથી ફોર્મ / ફી ભરવાનું રહેશે.
- દર વખતની જેમ ઉમેદવારે ઓનલાઈન જ પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. જેમાં ઉમેદવારે પ્રવેશ લેવા ઇચ્છતો હોય તે સંસ્થાની પસંદગી કરવાની રહેશે.
- આ અંગે દરેક સંસ્થા ખાતે જરૂરી હેલ્પ ડેસ્ક સેન્ટર ઉભા કરવાના રહેશે.
- સંસ્થા કક્ષાએ આવેલ રોજે રોજની અરજીઓનું મેરીટ બનાવી સાંજે ૦૪:૦૦ થી ૦૬:૦૦ કલાક સુધીમાં એડમીશન પોર્ટલ પર પ્રવેશ આપવાનો રહેશે.જે તે સંસ્થા ખાતે પ્રવેશ મેળવવા અરજી કરેલ ઉમેદવારનું મેરીટ એડમીશન પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે.
- જે તે સંસ્થાની એડમીશન કમિટીએ મેરીટ આધારિત લીસ્ટ સહીત રોજકામ કરવાનું રહેશે અને કમિટિની સહીઓ મેળવવાની રહેશે.
- ત્યારબાદ જરૂરી પ્રમાણપત્રો / જરૂરી ફી સાથે જે સંસ્થા ખાતે પ્રવેશ લેવા ફોર્મ ભરેલ હોય તે સંસ્થા ખાતે ઉમેદવારે હાજર રહેવાનું રહેશે.લાગુ પડતી ટ્યુશન ફી સરકારી તથા ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ માટે ઓનલાઈન ભરવાની રહેશે.
- ઓનલાઇન ફી મેળવવા જરૂરી અગાઉના જેમજ વ્યવસ્થા રાખવાની રહેશે જેથી ઉમેદવારનુ ફોર્મ અને ફી તાત્કાલિક ભરી શકાય.
- પ્રવેશના ચોથા રાઉન્ડની પ્રવેશ સંબંધિત કામગીરી સંસ્થાની પ્રવેશ કમિટી દ્વારા જ કરવાની રહેશે.
- જે સંસ્થા ખાતે PPP મોડ / ટ્રસ્ટ દ્વારા ભરવાની થતી બેઠકો પર ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ નથી. તે બેઠકો સંસ્થાની સીટ ફાઈલમાં ઉમેરી આપવામાં આવશે તથા તે બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા સંસ્થા કક્ષાએ હાથ ધરવાની નિર્ધારિત પ્રક્રિયા આધિન કરવાની રહેશે.
- જો કોઈ ઉમેદવારે પ્રવેશના પ્રથમ / દ્વિતીય / તૃતીય રાઉન્ડમાં પ્રવેશ કન્ફર્મ કરાવેલ હોય અને ચોથા રાઉન્ડમાં નવેસરથી ફોર્મ ભરી પ્રવેશ લેશે, તો તેવા ઉમેદવારને કોઇ પણ સંજોગોમાં

અગાઉ ભરેલ ફી પરત મળવાપાત્ર રહેશે નહિ તથા તેનો અગાઉ કન્ફર્મ કરાવેલ પ્રવેશ આપ મેળે રદ થઇ જશે. જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

**નોંધ:-**

- ઉમેદવારે વધુ માહિતી માટે નજીકની આઈ.ટી.આઈ નો સંપર્ક કરવો તથા સમયાંતરે એડમીશન વેબસાઈટ https://itiadmission.gujarat.gov.in/ જોતા રહેવું.

*************************XXXXXXX************************